સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

કાન નિઃસહાયે સ્નેહ સંબંધો કપાતા જાય છે,
મળતા હતા જે ભાવથી, હવે લપાતા જાય છે,
આપતા જાય છે આઘાતો આંખ મીંચી છે છતાંય -
સ્વાર્થી દુનિયામાં માનવી આમ જ મપાયા જાય છે.

હાઈકુ

હાંકી કાઢું છું
છતાં ડોકાય યાદો -
મનનાં છીંડે

સતાવ્યો ખૂબ
સ્નેહના મૃગજળે
જિંદગીભર!

ચિંતન

દત્વા શુલ્કમમાર્ગગઃ ।

ઉપરોક્ત સૂત્ર ડિવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

કર આપવા (ભરવા) છતાં પણ જે જાહેર માર્ગે ન જતા ગુપ્ત-ખાનગી માર્ગે જાય તે મૂર્ખ છે.

ટૂંકમાં કર ન ભરવો, તે ચોરી છે.

અને જે કરચોરી કરે તેને રાજસત્તાનો - સરકારનો સતત ભય કરે છે. તેવા લોકો જયારે પણ વ્યાપાર કરે ત્યારે ડરતાં ડરતાં કરતાં હોય છે. તેઓને પોતાના કરચોરી પકડાઈ જવાનો સતત ભય રહેતો હોય છે.

પરંતુ જે નીતિમાન છે... શાહુકાર છે તેવા વ્યવપારીઓને ઉચિત કર ભર્યા પછી કોઈ જ ભય રહેતો નથી. પરંતુ કેટલાક બીકણ-ડરપોક વ્યપારીઓ કર ભર્યા પછી નિર્ભય બનીને વ્યાપાર કરવાને બદલે છાનો છૂપનો વ્યાપાર કરે. અથવા કર ભર્યા પછી પણ ભયના કારણે રાજમાર્ગેથી જવાને બદલે ખાનગી માર્ગેથી જાય તો લૂંટારાનો ભય રહેવાની શક્યતા વધી જાય છે. તેથી કર ભર્યા પછી પણ ભણભીત બનીને અંદરના માર્ગેથી માલની આવજા કરનાર માણસ મૂર્ખ છે.

સુવિચાર

- બોલકા પ્રચાર કરતાં મૌન આચારનો અવાજ ઊંચો હોય છે - **આચાર્ય રાજહંશ**
- આપણું ભાગ્ય જાગતું હોય તો જ આપણા ઘરે કોઈ જમવા આવે - **જન્મભૂમિ**
- જયોતિષીઓ હંમેશા નસીબ બતાવે છે, બદલી શકતા નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- વેલ ગઈ બાળવને કહેવા કાનમાં....
  મારા સિવાય કોણ ગળે લગાડશે તને વેરાનમાં ?? - **આચાર્ય ઉદયરત્નસૂરિ**
- જે તમારા દોષ દેખાડે તેને દાટેલું ધન દેખાડનાર સમજો - **સંત રોબિન**
- ઉતાવળિયો પોતાની તકો પરથી કૂદીને ચાલ્યો જાય છે - **સ્વીડીશ કહેવત**
- આજનું ઔષધ : કુમારીઆના બીજનો પાઉડર દહીંમાં મિક્સ કરી ખરજવા પર લગાડવાથી રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

પંથકના એક ગામની સત્ય ઘટના. ગામની શાળાના શિક્ષિકાબેન રિયાટર થઈ રહ્યા હતાં. તેમના વિદાય સમારંભ વખતે શાળાના આચાર્ય તથા સૌ શિક્ષકોએ સાથે મળી શાલ, શ્રીફળ અને સાકરનો પડો આપ્યો. સામે બેઠેલા વિદ્યાર્થીઓમાંથી એક છોકરી ઊભી થઈ અને શરમાતા શરમાતા બોલી, 'મારે પણ મારા તરફથી બહેનને કંઈક આપવું છે.' આચાર્યએ કહ્યું, 'બેટા, તારે જે આપવું હોય તે આપ. છોકરીએ પોતાના દફતરમાંથી એક નાનું લંચ બોક્સ કાઢ્યું અને પોતાના વહાલા બહેનને આપ્યું. શિક્ષિકાએ લંચબોક્સ ખોલ્યું તો એમાં થોડી રોટલી અને ગોળ હતો. શિક્ષિકાબહેને પૂછ્યું, 'બેટા, તું મારા માટે રોટલી અને ગોળ કેમ લાવી.' છોકરીએ આંખમાં આંસુ સાથે કહ્યું, 'બહેન, તમે હવે આ શાળા છોડી તમારા ગામમાં જશો તમને ભૂખ લાગે તો તમે શું ખાશો? એટલે હું તમારા માટે રોલી અને ગોળ લાવી છું. મારી મા તો મને નાની મૂકીને જ મરી ગઈ હતી, શાળામાં ભણવા આવી અને મને મારી મરી ગયેલી મા તમારા રુપે પાછી મળી. એક મા પોતાની દીકરીનું ધ્યાન રાખે તેમ તમે પણ મને દીકરી સમજી મારું ધ્યાન રાખ્યું છે. એટલે હવે મારી પણ ફરજ છે કે હું મારી માનું ધ્યાન રાખું.' આજે માત્ર મારા શિક્ષિકાની વિદાય નથી મારી માની પણ વિદાય છે. હું ફરી મા વગરની થઈ જઈશ.' નાની છોકરીની વાત સાંભળી એક હાજર શિક્ષિકા બહેને આ દીકરીને ઉંચકી લીધી અને કહ્યું, 'બેટા, હવે એમે સૌ બહેનો તારી મા બનીને તારું ધ્યાન રાખીશું.' આ રિટાયર થતા શિક્ષિકાનું નામ છે. 'હંસાબહેન માઢક.'

દેશ કોરાના નામના અદૃશ્ય જવાળામુખી પર બેઠો છે

તંત્રીસ્થાનેથી...

કોરોનાએ આખી દુનિયામાં હાહાકાર મચાવી દીધા પછી ભારતમાં થોડો વિરામ લીધો કે તરત આપણા મંદિરો, તીર્થો, પર્યટન સ્થળો અને સામાજિક પ્રસંગોમાં માણસો કીડિયારાની જેમ ઊભરાવા લાગ્યા છે. બજારોમાં અગાઉ કરતાં પણ વધુ ભીડ ભેગી થાય છે. સરકારે ઉદારતાપૂર્વક લગ્ન-મરણ સહિતના સામાજિક પ્રસંગોમાં મોટી સંખ્યામાં ભેગા થવાની છૂટ આપી દીધી છે. ધાર્મિક પ્રસંગોમાં તો લોકો ઊંધું ઘાલીને ઊમટી પડે છે. કોરોના પ્રોટોકોલનો અમલ નહીંવત જ થતો જોવા મળે છે. રેલવે, બસ, ખાનગી વાહનો પૂરી ક્ષમતા સાથે પરિવહન કરતાં થઈ ગયા છે. હમણાં સોખડાના સંત અક્ષરધામમાં પધાર્યા ત્યારે એમના પાર્થિવ દેહમાં દર્શન કરવા શી જબરદસ્ત કતારો લાગી હતી! લાખો હરિભક્તોએ એમના હૃદયસ્થ સંત મહાત્માને કોરોનાની બીક રાખ્યા વગર નિવાપાંજલી અર્પી. આ બધું સામાન્ય સમયમાં બરાબર લાગે, પણ આપણે ભૂલી ગઆ છીએ કે કોરોના તો લપાઈને આપણી આસપાસ જ થોડા વખત પૂરતો આરામ પર ઊતર્યો છે. એ ક્યાંય જતો નથી રહ્યો, બલકે એને તો આપણી મહેમાનગતી ગમી ગઈ છે. વડાપ્રધાન વારંવાર આ મુદ્દે દેશનાં પ્રજાજનોને ચેતવતા રહે છે - ટપારતા રહે છે. એમને પણ હવે તો કોરોનાની અપરાજેય તાકાતનો અહેસાસ થઈ ગયો છે. શરૂ શરૂમાં એમણે બહુ હળવાસથી લીધો હતો અને એમને સદી ગયેલી ઉત્સવશૈલીમાં થાળીઓ વગાડીને, તાળીઓ પડાવીને કે દીવા પ્રગટાવીને 'ભાગ કોરોના ભાગ!' જેવો નાટકિયો અભિગમ અપનાવ્યો હતો. પછી ગુલેરિયા જેવા દાકતરોની સાથે ગોઠડી માંડીને આ રાક્ષસી-માયાવી વાઈરસ સામે લડવું એ કોઈ વિધાનસભા કે લોકસભા કે નગરપાલિકા અને પંચાયતોની ચૂંટણી લડવા જેટલું સહેલું નથી એ તથ્ય સમજી શક્યા હતા. જો કે એમ છતાં એમને પ્રાયોરિટી તો સ્વભાવદોષની રુએ ચૂંટણી જ રહી હતી અને એથી જયારે કોરોના સંકટમાં ખુદ મમતા બેનરજી અને રાહુલ ગાંધીએ રેલીઓ યોજવાનું બંધ કરી દીધું હતું ત્યારે પણ ભાષણશૂરા વડાપ્રધાન લાખોની મેદની ભેગી કરીને 'દીદી, ઓ દીદી!' જેવા કટાક્ષો કરતા રહ્યા હતા. આખરે કોરોનાની બીજી લહેરમાં અસંખ્ય કમનસીબ જીવો હોમાઈ ગયા, ઘણાં ઘરોને તો કાયમને માટે તાળાં લાગી ગયા અને વિપક્ષોને કોરોનાએ જ જાણે મહાબલી નરેન્દ્રરાય મોદીજી સામે ટક્કર લેવાની તક આપી દીધી. રેમડેસિવર, ઓક્સિજન, બેડ-એકથી એક ચડિયાતા મુદ્દાઓ પર અને છેલ્લે વેક્સિનના મુદ્દે પણ સરકાર રક્ષણાત્મક સ્થિતિમાં મુકાઈ ગઈ છે. એની સામે પાંચ ટ્રિલિયન વાળી ઈકોનોમીને બદલે કોરોનાએ અનાથ બનાવેલાં બાળકોને અને વિધવા બનાવેલી મહિલાઓની જવાબદારી આવી પડી છે. રાજકારણીઓ જેનું નામ ! એ વામમાર્ગી હોય કે દક્ષિણ માર્ગી - એથી એના વોટલક્ષી અભિગમમાં ઝાઝો ફરક નથી પડતો. કેરળની સરકારે બકરી ઈદ પર ટોળાં કરવાની મંજૂરી આપીને ત્યાંની પ્રજાને ધરાર કોરોનાનો કોળિયો બનવા મજબૂર કરી દીધી છે. કેરળ, તમિલનાડુ અને પૂર્વોત્તર રાજયોમાં કોરોનાએ ફરીથી માથું ઊંચક્યું છે. ઓછી થતી જતીં સંક્રમણ સંખ્યા ફરી કૂદકેને ફૂસકે વધવા લાગી છે. એવું લાગે છે કે ત્રીજી લહેર હવે હાથવેંતમાં છે. એને આવતી અટકાવવાને બદલે દેશના નેતાઓ અને પ્રજાજનોએ જાણે એના માટે લાલજાજમ બિછાવી દીધી છે. ડે ડેલ્ટા વેરિયન્ટે પશ્ચિમી રાષ્ટ્રોમાં હાહાકાર મચાવી દીધો છે. એનો ભય ભારતના માથે પણ તોળાઈ રહ્યો છે. ડેલ્ટા વેરિયન્ટ અછબડાની જેમ ઝડપથી ફેલાઈ જાય એવી દહેશત છે. હવે જયારે દેશ ઉત્સવોની મોસમમાં પ્રવેશી રહ્યો છે ત્યારે જો ડેલ્ટા વેરિયંટનું તાંડવ શરૂ થશે તો શી વલે થશે તે વિચારતાં પણ કમકમાં આવી જાય છે. સરકાર શાળાઓ ખોલવા માંડી છે. ગણેશોત્સવ માટે ભીડ ભેગી કરવાની છૂટ આપી રહી છે. નવરાત્રી તો વળી રંગેચંગે ઉજવાશે! આપણે ઈચ્છીએ કે બધું સમુસૂતરું પાર પડે. વેક્સિનેશનનું ધીમું પડી ગયેલું કામ ઝડપી બને. હર્ડ ઈમ્યુનિટી વિકસે. બાળકો માટેની વેક્સિન પણ આવી જાય. પરંતુ આ બધું તો 'વિશફુલ થિંકિંગ' થવું. હાર્ડ રિયાલિટી એ છે કે આપણે કોરોના નામના જવાળામુખીની ટોચ પર બેઠાં બેઠાં આવું સારું સારું વિચારી રહ્યા છીએ. નિષ્ણાતો આપણને ચેતવતા રહે છે. મોદીજી પણ ઉમળકો ચડે ત્યારે 'મન કી બાત' કરી લે છે. પરંતુ 'ડેલટા-વેરિયન્ટ' સામે રક્ષણાત્મક દીવાલ ઊભી કરી શકાઈ છે ખરી ? આ મુદ્દો ખૂબ મહત્વનો છે. ઈકોનોમી જરૂર મહત્ત્વની છે. જાન ભી ઔર જહાન ભી - વાળો બેવડો સમાધાનકારી અભિગમ જ આપણને પોસાય એમ છે. ફક્ત લોકડાઉન થિયરીને વળગી રહીએ તો તો છપ્પનિયા દુકાળ જેવી ભૂખમરાની સ્થિતિ સરજાય એમ છે. કોરોનાએ આપણને દર્પણ દેખાડી દીધું છે. હજી આપણે મહાસત્તાઓની હરોળમાં નથી પહોંચી શક્યા. આપણે એક ગરીબોની બહુમતી ધરાવતા દેશના નાગરિકો કે નેતાઓ છીએ તે ભૂલવા જેવું નથી.

એક સમયે આપણે સૌ વેકેશનની રાહ જોતાં!

આરપાર

રાઘવજી માધડ

એક સમય એવો હતો વાલી અને વિદ્યાર્થીઓ વેકેશનની રાહ જોતા ને પૂછતાંઃ 'વેકેશન ક્યારે પડે છે ?'પણ આજે સ્થિતિ બદલાઈ છેઃ 'સ્કૂલો ક્યારે શરુ થશે,એવું પૂછવામાં આવે છે !' કારણ કે કોરોનાના લીધે વેકેશન પડ્યા પછી લગભગ ઉભું જ થયું નથી.હા,ગત સપ્તાહથી અમુકકક્ષાની સ્કૂલો કાર્યવંત થઈ છે પણ વિદ્યાર્થીઓની ધારીને સારી સંખ્યાનો અભાવ રહે તે સ્વાભાવિક છે. સંક્રમણ ન થાય તેની સાવચેતી રાખવી જરૂરી છે.કારણ કે ત્રીજી લહેર આવશે...એવા બૂમ-બરાડા થઈ રહ્યા છે ત્યારે ઈચ્છીએ હવે કોરોના ન આવે.

વિદ્યાર્થીઓ લગભગ એક વરસથી વધારે સમય ઘરે રહ્યાં છે.ઘરમાં પુરાઈ કે ભરાઈ રહેવાથી અને સતત મોબાઈલમય રહેવાથી તેમનામાં ઘણો બદલાવ આવ્યો છે... આવા સંજોગોમાં તે બીબાંઢાળ ક્લાસરૂમ માં સેટ થાશે ખરો ? તેને જકડાઈ, અકડાઈને એકધારું બેસવું અને ભણવું ગમશે ખરું ? વિદ્યાર્થીઓના બદલાયેલા વર્તણુંક ને વ્યવહાર કોઈના ધ્યાનમાં આવશે ખરા? કે પછી'કોર્ષ' પૂરો કરી નાખવાનું કામ થશે !

દરેક સમય,સંજોગો પોતીકા પ્રશ્નો લઈને આવતા હોય છે.તેનું લેસન કરી માણસે આગળ ચાલવાનું હોય છે. શિક્ષણનું મૂળભૂત ઉદેશ્ય, માણસ પોતાના રોજિંદા પ્રશ્નો અને સમસ્યાઓને જાતે ઉકેલતા શીખે !

લાંબા અંતરાલ પછી શરુ થયેલી સ્કૂલોમાં, શિક્ષકોએ કેવું ને કેવી રીતે કામ કરવું...તે અંગેનો એક ચિંતન-લેખ નજરે ચઢ્યો.તેમાં લખ્યું હતું,શાળા-શિક્ષક કક્ષાએ વિચારીએતો બાળકો જયારે પણ શાળાએ આવે ત્યારે,સૌ પ્રથમ તેઓ સાથે પ્રેમપૂર્વક વાતો કરી તેઓની વાતો સાંભળી સંવાદ દ્વારા તેમની સાથે એક સેતુ બનવાનો પ્રયાસ કરવો પડશે. આ ખૂબ પાયાની પ્રાથમિક જરૂરિયાત રહેશે. બીજું ખૂબ લાંબા સમયથી બાળકો ઘરમાં રહ્યા છે. જેના કારણે તેઓની શારીરિક ગતિવિધિ ખૂબ મર્યાદિત થઈ ગયેલ છે. તે માટે રમતો રમાડવી ને શરીરના પ્રત્યેક અંગને કસરત મળી રહે એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું પડશે. લય અને તાલ સાથેના સારા ગીતો ગવરાવવા અને સંભળાવવા પડશે... જેનાથી બાળકની પ્રસન્નતા અને આનંદમાં વધારો થશે. શાળાકીય શિક્ષણમાં ઢાળવા અને વિષય શિક્ષણ તરફ વાળવા આવું કરવું પડશે...

વાલી કક્ષાએ પણ આપણે કેટલીક વિશેષ કાળજી લેવાની રહેશે. શાળા શરુ થયેથી બાળક શાળાએ જાય ને તરત જ વિવિધ વિષયોના શિક્ષણમાં આગળ વધે તેવી અપેક્ષાઓ ઉપર સંયમ રાખવો પડશે... આ ચિંતનના લેખક છે,હોલી ચાઈલ્ડ સ્કૂલ, કલોલ (ગાંધીનગર)ના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી હરીશ બ્રહ્મભટ્ટ. તેઓ 'સંપર્ક'નામે સ્કૂલનું ત્રિમાસિક મુખપત્ર ચલાવે છે.દરેક અંક વાંચવા ને વસાવવા જેવા હોય છે.અંકનું સંપા દન ગુજરાતી માધ્યમ વિભાગના આચાર્યાશ્રી હેતલ પટેલ કરે છે.તેઓ સંપાદકીયમાં ચિત્રશિક્ષકનો અનુ ભવ લખે છેઃઅત્યાર સુધી હું મારી કલ્પના-ઈમેજીનેશન થકી કાફ્ટના નમૂના બનાવતી હતી.હું ગમે ત્યારે કોઈ વસ્તુ શોધવા નીકળી પડતી હતી.અને જે વસ્તુ મળે તેમાંથી કોઈ નવીન સર્જનાત્મક વસ્તુ બનાવતી. અને એ ક્રાફ્ટનો નમૂનો જયારે ખૂબ આકર્ષક બને ત્યારે એક અલગ જ આનંદ અને સંતોષનો અનુભવ કરતી.પરંતુ,જ્યારથી નવાં નવાં આઈડિયા માટે યુ-ટ્યુબનો ઉપયોગ કરતી થઈ છું ત્યારથી કંઈ પણ બના વ્યા પછી એ પહેલાંના જેવો આનંદ કે સંતોષનો અનુભવ થતો નથી.એટલે હવે હું યુ-ટ્યુબનો ખૂબ ઓછો ઉપયોગ કરું છું.આ પરથી ઓનલાઈન ને ઓફલાઈન એજ્યુકેશનનો વચ્ચેનો તફાવત સમજાય એવો છે.

આ ચિત્ર-શિક્ષકે સંતોષ અને આનંદનો અનુભવ કહ્યો તેમ ક્લાસરૂમમાં શિક્ષકને અભ્યાસ કર્યા, કરાવ્યાનો સંતોષ અને વિદ્યાર્થીઓને આનંદનો અનુભવ થવો જોઈએ. અમુક વિષયોમાં વાલી, શિક્ષક અને વિદ્યાર્થીઓ માની બેઠાં છે કે,એ વિષયમાં સંતોષનું તત્વ હોઈ શકે પણ આનંદતો આવે જ નહીં.પણ આનંદ વગરનું શિક્ષણ કયારેય ઊગે નહીં. પણ અમુક શિક્ષકની ભણાવવાની રીત અને પદ્ધતિ આનંદ ઉપજાવતી હોય છે. આ સમયમાં વિદ્યાર્થીઓ શિક્ષણમય બની રહે તે માટે તેને પ્રથમ આનંદ આવવો અનિવાર્ય છે.

સ્કૂલો શરુ થયા પછીનો શિક્ષણનો આ સંક્રાંતિકાળ છે.તેમાં વિદ્યાર્થી પાસેથી કામ લેવાની કુનેહ વાલી-શિક્ષકોએ જાતે કેળવવી કે વિકસાવવી પડશે. કારણ કે આ અંગેની'ગાઈડ' હજુ કોઈ લેખનવીરે લખી હોય એવું ધ્યાનમાં નથી !

છેલ્લે :

વ્યક્તિની પર્સનાલીટી કરતા તેમની મેન્ટાલીટી બહુ અગત્યની હોય છે.

http://raghavjimadhad.blogspot.com
mo. 94270 50995

આપણા નિર્ણયો જ આપણા પરિવારના સુખ દુઃખનું કારણ છે

મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

કોરોનાની વૈશ્વિક મહામારી આમ જોઈએ તો મારી દૃષ્ટિએ વૈશ્વિક મહાક્રાંતિનો મહાકાળ હતો. જેણે આપણી ભૂલાતી જતી આંતરિક સંસ્કારધારાને ફરીથી જાગૃત કરી દીધી છે. જેણે મૃત્યુનો મહાતાંડવ જરૂર ખેલ્યો છે પણ સાથે લાખો જીવનદાનનો મહાયજ્ઞ પણ કર્યો છે. કોરોનાએ ક્યાંક આંસુઓની ધારાઓ વહાવી છે તો ક્યાંક સુકાઈ ગયેલી સંવેદનાના ફૂણા અંકૂરો પણ ઉગાડ્યા છે. એણે માત્ર મહાવિનાશ નથી વેર્યો પણ મહાસર્જન પણ કર્યું છે. આ કોરોના સમયખંડ પાસેથી સમગ્ર માનવજાત જેટલું શીખી છે તેટલું સમગ્ર વિશ્વના સાહિત્ય કે ફિલ્મો કે વિજ્ઞાન કે ધર્મમાંથી પણ નથી શીખી. એ શું ઐશ્વરિય વરદાન નથી ? માત્ર જીવન જ ઉત્સવ નથી. મૃત્યુ પણ ઉત્સવ છે. ખરેખર મૃત્યુ એ તો માનવજાતની બ્રાન્ડને હાઈલાઈટ કરે છે. પ્રસ્થાપિત કરે છે.

વિશ્વની બધી જ પરંપરાના ગર્ભમાંથી જ પરિવર્તનનું બાળક જન્મે છે. અને દોડતું થાય છે. જીવનમાં જેટલું મહત્વ પરિવર્તનનું છે તેટલું જ મહત્વ પરંપરાનું પણ છે. કેમ કે પરંપરા પથદર્શક બને તો જ પરિવર્તન સફળ બને છે નહિતર એના દૂષ્પરિણામો પણ આવે છે. વ્યક્તિના જીવનમાં આ બન્નેનું સ્થાન હોવું જરૂરી છે. આજે ૨૧મી સદીના સમયે પણ આપણા સંસ્કાર, આદર્શો, શિક્ષણ, પારિવારિક પ્રથા અને વ્યવસ્થાઓ, સામાજિક રીતિ રિવાજો, ધાર્મિક શ્રદ્ધા, આ બધી પરંપરાઓ એટલી જ મૂલ્યવાન છે તો વળી સાથે સાથે નવા શરું થયેલા ઈન્ટરનેટ યુગ, સોશિયલ મીડિયાના યુગે આખી દુનિયાને બદલી નાખી છે. છેલ્લા વીસ વર્ષની પરિવર્તનની આંધીએ આપણી અનેક જૂની પરંપરાઓના મૂળિયા ઊખેળી નાખ્યા છે. માનવજાતના ડીએનએ સુધી એની અસર થઈ ચૂકી છે. એ સત્ય પણ સ્વીકારવું પડે.

આમ જોઈએ તો આપણે ખરેખર જીવનને સમજતા જ નથી. માત્ર જીવીએ છીએ. અને જેટલી સમજણ પડે છે એમાં મોટેભાગે દુઃખ અને પ્રશ્નો લઈને ફરીએ છીએ. ઘણાય લોકો જીવનને સમસ્યાઓનું, પ્રશ્નોનું પેકેજ બનાવી દે છે. જે ખરેખર ખુશીઓથી ભરેલું હોવું જોઈએ. સંસારમાં જે કાંઈ પ્રશ્નો કે દુઃખ કે પીડા છે તે માત્ર પ્રકૃત્તિના સિદ્ધાંતોને નહીં સમજવાના કારણે છે. માનવ એવું માની બેઠો છે કે તે જે કાંઈ કરી રહ્યો છે તે તેની પોતાની તાકાતથી કરી રહ્યો છે. શક્તિશાળી માણસ ગમે ત્યારે ગમે તેને મારી શકે છે. હરાવી શકે છે. અહીં સુધી તો કદાચ ક્ષમ્ય હતું પરંતુ જ્યારે માણસે પ્રકૃત્તિને પડકાર ફેક્યો છે ત્યારથી બધા અનિષ્ટો થવાના શરું થયા છે. બાકી તો પ્રકૃત્તિના સિદ્ધાંતો બહું સરળ છે. આપણે અહીં જે કાંઈ કરીએ છીએ એ જ આપણને પાછું મળે છે. આપણે કોઈને જે કાંઈ આપીએ છીએ તે જ આપણને પરત મળે છે. માન સન્માન આપીશું તો એ મળશે અને અપમાન કે તિરસ્કાર આપીશું તો એ મળશે. કુદરતનો કાયદો હંમેશાં ન્યાય કરે છે. જો સત્કર્મથી ધન મેળવેલું હશે સાત પેઢી સુખથી ભોગવશે અને જો દૂષ્કર્મથી, અનીતિથી કે ભ્રષ્ટાચારથી ધન મેળવેલું હશે તો સાત પેઢીને ભોગવવું પડશે. શબ્દ એક જ છે બસ અર્થ બદલાઈ જાય છે. આપણા સંતાનો આપણા ધનને કંઈ રીતે ભોગવે એ આપણે નક્કી કરવાનું છે. જીવનનું આટલું સત્ય દરેક માનવી સમજી લે તો કોઈ મોટા મોટા ધર્મગ્રંથો વાંચવાની જરૂર નથી. જીવન ઉત્સવ બની જાય છે. આપણે કદાચ બીજા લાખો લોકોને છેતરી શકીશું પણ પ્રકૃત્તિને ક્યારેય નહીં છેતરી શકીએ. એ આપણો બધો જ હિસાબ - કિતાબ રાખે છે. એનો નિયમ છે કે દડો જેટલા જોરથી દીવાલ ઉપર ફેકીશું એટલા જ જોરથી એ આપણી તરફ જ આવે છે. બસ. આ જ જીવનનો કુદરતી નિયમ છે.

જીવનને ઉત્સવ બનાવવા માટે કશું જ કરવાની જરૂર નથી. એ ઉત્સવ જ છે. બસ માત્ર મનને ચોખ્ખું કરવાની જરૂર છે. મજબૂત કરવાની જરૂર છે. નવી દૃષ્ટિ કેળવવાની જરૂર છે. આપણા સૌનો સૌથી મોટો પ્રોબ્લેમ એ છે કે આપણે આપણા નિષ્ફળ જીવનમાં પણ હંમેશાં આપણો જ નિર્ણય માનતા આવ્યા છીએ. આજે કોરોનાકાળ પછી પૈસાની જરૂરિયાત કેટલી છે એ સૌને ખબર પડી ગઈ. અને પૈસો કમાવવા માટે તો આપણે સૌ મહેનત કરીએ છીએ. કામ કરીએ છીએ. આપણે સૌ ઈચ્છીએ છીએ કે આપણો પરિવાર સમૃદ્ધ બને, પરંતુ આપણે કમાઈએ છીએ માત્ર દસ વીસ હજાર. જો તમે છેલ્લા પાંચ, દસ કે પંદર વર્ષથી એક જ સ્થિતિ, પરિસ્થિતિમાં જીવતા હોય તો આ સ્થિતિના જવાબદાર તમે અને તમારા નિર્ણયો જ છે. કેમ કે તમારી સમજણ મુજબ, તમારા અભ્યાસ મૂજબ, તમારા અનુભવો મુજબ કે તમારી બુદ્ધિ મુજબ તમે તમારા જીવનના નિર્ણયો કરતા હશો અને એ મુજબ નોકરી કે ધંધો કરીને કમાઈને પરિવારનું પુરું કરતા હશો. પણ શું તમારા દરેક નિર્ણયો સાચા જ હતા ? શક્ય છે કે ક્યાંક તમારી સામે કોઈ મોટી તક આવી હોય અને તમે તમારા શંકાશીલ સ્વભાવને કારણે કે ભૂતકાળના ખરાબ અનુભવને કારણે એ તકને ના સ્વીકારી હોય. અથવા ક્યાંક તમારી લાલચને કારણે, અણસમજને કારણે ઘણું ગુમાવ્યું પણ હોય.

મિત્રો, હું માનું છું કે આપણે સૌ ઈશ્વરના સંતાનો છીએ. ઈશ્વર તો સૌને એક સરખું જ આપતો હોય છે. આપણે આપણી બુદ્ધિ અનુસાર એને પ્રાપ્ત કરીએ છીએ. મુકેશ અંબાણી, અમિતાભ બચ્ચન, વિરાટ કોહલી કે જેક મા, કે જૈફ બેઝોસ હોય કે નરેન્દ્ર મોદી ... આ બધાને ૨૪ કલાક જ કામ કરવાના મળે છે. છતાંય તેઓ કંઈક એવું કરે છે તે આપણે નથી કરી શકતા. જીવનનું એક સત્ય એ પણ છે કે જો તમારી પાસે જે નથી તે મેળવવું છે તો આજસુધી જે નથી કર્યું તે કામ કરવું પડશે. એક પરીક્ષામાં પાસ નાપાસ બન્ને થતા હોય છે પણ નાપાસ થનારે એટલી મહેનત નથી કરી હોતી જેટલી મહેનત પાસ થનારે કરી હોય છે. બાકી અભ્યાસકર્મ, પ્રશ્નો, સમય બધુ જ એકસરખું જ હોય છે બધા માટે. છતાંય પરિણામ જુદું જુદું. બસ જીવનમાં પણ આવું જ છે. આપણે ભૂતકાળની એક બે દૂર્ઘટનાને કારણે ભવિષ્યની અનેક સારી સારી તકોને ગુમાવી બેસીએ છીએ. જીવન અને સમય હંમેશાં પરિવર્તનશીલ હોય છે. વ્યક્તિએ હંમેશાં પોતાનામાં બદલાવ લાવવા તૈયાર રહેવું જોઈએ. પરિવર્તન એ જ સફળતાનો પાયો છે. સમયની સાથે પરિવર્તન જરૂરી છે. કેમ કે પ્રકૃત્તિ પણ દર ચાર મહિને પોતાનામાં પરિવર્તન લાવે છે. પરંતુ આપણે વર્ષો પહેલા આપણા મનમાં ઠસી ગયેલી વાતોને જીવનભર છોડતા નથી. જેને કારણે ઘણીવખત આપણા સ્વભાવને કારણે આપણા સંતાનોને સહન કરવું પડે છે. આપણી કરુણતા એ છે કે પક્ષીઓએ પણ પરિવર્તન સ્વીકારી લીધું છે અનેક શહેરોમાં વૃક્ષો નામશેષ થવાથી પક્ષીઓને આપણે ઘરની છત પર કે ઘરની બારી પરના છજા પર રાતભર બેઠેલા જોઈ શકીશું. અને તેમના માળા પણ વૃક્ષોને બદલે ઘરની બહાર લટકતા એ.સી.ના આઉટર પર જોવા મળે છે.

મિત્રો, આપણે આપણા જીવન વિશે વિચારીશું તો આપણને પણ ઘણીવાર એવી તક મળી હશે પણ આપણે એને ઓળખી નહીં શક્યા હોય અથવા એની અવગણના કરી હશે અથવા વ્યક્તિગત કે પારિવારિક વૈચારિક સંકૂચિતતાને કારણે કે આપણા ખુદના શંકાશીલ સ્વભાવને કારણે એ આવેલી ''તક''ને આપણે જવા દીધી હશે. આવા સમયે આપણે ભાગ્યને વચ્ચે લાવીને જાતને સમજાવીએ છીએ. પરંતુ ભાગ્ય પણ જે વ્યક્તિ પરિશ્રમ કરે એની સાથે જ હોય છે. એ એટલું જ સત્ય છે. અને પરિશ્રમ થકી ભાગ્યને ય બદલી શકાય છે. મારા અભ્યાસથી હું સમજ્યો છું કે આપણામાં સૌથી મોટો પ્રોબ્લેમ

અનુસંધાન પાના નં. ૭ પર

TMKOC : નિર્ભેળ અને પારિવારિક મનોરંજનના ૧૩ વર્ષ....!

રગળપાટ

અજય ઉપાધ્યાય

કોઈને કદાચ દયાભાભીના વાતે વાતે 'એ હાલો' ના લહેકે શરૂ થતાં ગરબા કે હસવાનું વિચિત્ર લાગી શકે છે (હવે દયાભાભી નથી એટ્લે લાગતું હતું એમ વાંચવું)... ભલે કોઈને એમ લાગતું હોય કે નાની અમથી સ્ટોરીલાઈનને ચિંગમની જેમ વધુ પડતી લાંબી ખેંચવામાં આવે છે... ભલે કોઈને એમ લાગતું હોય કે મોટાભાગના પાત્રો બિબાઢાળ મેનેરિઝમના શિકાર બની ગયા છે... ભલે કોઈને એમ લાગતું હોય કે આખી ગોકુલધામમાં સિરિયલમાં આવતા પાત્રો સિવાયના લોકો રહેતા હોય એવું ભાગ્યે જ દેખાય છે....ભલે કોઈને એમ લાગતું હોય કે આટલા વર્ષોથી ચા.લુ. પાંડે કેમ પાવડરગલી પોલીસ સ્ટેશનમાં જ ફરજ બજાવે છે, એની બદલી કેમ નથી થતી...ભલે કોઈને એમ લાગતું હોય કે જેઠાલાલનો આવડો ધિકતો ધંધો હોવા છ્તા એની પાસે પોતાની કાર નથી... ભલે કોઈને એમ લાગતું હોય કે જે ગોકુલધામ સોસાયટી સિરિયલમાં બતાવવામાં આવે છે તે ટેક્નીકલી પરફેક્ટ નથી... ભલે કાયમી જોનાર દર્શકોને પણ ઘણીવાર એમ લાગતું હોય કે યા તો વાર્તા જરૂર કરતાં વધુ ખેંચાઈ છે અથવા તો વાર્તાનો અંત અચાનક લાવી દેવામાં આવ્યો છે...! આ ભલે નું લિસ્ટ લાંબુ થઈ શકે એમ છે છતાં પણ ' તારક મેહતા કા ઉલ્ટા ચશ્મા ' એ ભારતીય ટેલીવિઝન પર સૌથી લાંબી ચાલનારી સિરિયલ્સમાં પોતાનું સ્થાન બનાવી લીધું છે.

રાકેશ બેદી, રીમા લાગુ, અર્ચના પૂરણસિંહ અભિનીત અને દૂરદર્શન પર આવતી 'શ્રીમાન શ્રીમતી ' સિરિયલ યાદ છે ? એમાં કેશુના પાત્ર ભજવતા ઉમદા અને હવે સ્વર્ગસ્થ અભિનેતા જતીન કણકીયા એ લગભગ ૧૯૯૮ માં આ વાર્તા પરથી સરસ હાસ્ય સિરિયલ બની શકે છે એવો આઈડિયા TMKOC ના સર્જક અસિત મોદીને આપેલો. ' ચિત્રલેખા ' માં આવતી અત્યંત લોકપ્રિય તારક મહેતા લિખિત 'દુનિયાને ઉધા ચશ્મા' પરથી અસિત મોદીએ પાયલોટ એપિસોડ પણ બનાવ્યો અને સ્ટાર, ઝી સહિત ઘણી મોટી ચેનલોએ રિજેક્ટ કર્યા પછી સબ ટીવી ને આમાં રસ પડ્યો અને ૨૮ જુલાઈ ૨૦૦૮માં પહેલો એપિસોડ પ્રસારિત થયો તે દિવસ અને આજનો દિવસ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' એ લોકોના મનોરંજનમાં કોઈ કમી નથી આવવા દીધી અને એનો અંદાઝ એ વાત પરથી આવી શકે છે કે.આ સિરિયલે હમણાં જ મનોરંજનના ૧